# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 12/09/2026** **EVENING: 7.50 TO 8.00**
**DAY: SATURDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1) બ્રિક્સ સમિટ 2026ના પહેલા દિવસે, બ્રિક્સ દેશોએ સર્વાનુમતે નવી દિલ્હી ઘોષણાપત્રને સ્વીકાર્યું.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સમિટ, 2026માં દર વર્ષે બદલાતા અધ્યક્ષપદ છતાં જૂથની સંસ્થાકીય ગતિ જાળવી રાખવા માટે બ્રિક્સ સાતત્ય અને અમલીકરણ પદ્ધતિનો પ્રસ્તાવ મૂક્યો હતો.

3) BRICS દેશોએ વિશ્વના ઘણા ભાગોમાં સંઘર્ષો અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં વધતા ધ્રુવીકરણ અને જૂથવાદ પર ચિંતા વ્યક્ત કરી.

4) કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે જાહેર આરોગ્યનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી.

5) ભારત મહિલા જુનિયર એશિયા કપ હોકીની ફાઇનલમાં પહોંચ્યુ.

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# BRICS: PRIME MINISTER'S ADDRESS

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા બ્રિક્સ સમિટ 2026ના પહેલા દિવસે, બ્રિક્સ દેશોએ સર્વાનુમતે નવી દિલ્હી ઘોષણાપત્રને સ્વીકાર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમિટના પહેલા દિવસના અંતે આ ઘોષણાપત્રને અપનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમના સમાપન ભાષણમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આજે અપનાવવામાં આવેલ નવી દિલ્હી ઘોષણાપત્ર સભ્ય દેશોના સહિયારા સંકલ્પને સ્પષ્ટ દિશા પ્રદાન કરે છે.

## (BYTE: DELHI DECLARATION)

*("आज की चर्चा से स्पष्ट है कि बदलते हुए विश्व का संचालन पुराने संस्थानों से नहीं किया जा सकता। रिप्रेजेंटेशन, रिस्पॉन्सिवनेस और रूल मेकिंग तीनों में सुधार आवश्यक है। आज अडॉप्ट किया गया न्यू दिल्ली डिक्लेरेशन हमारे साझा संकल्प को स्पष्ट दिशा देता है। अब हमारी जिम्मेदारी है कि इन संकल्पों को ठोस परिणामों में बदलें।")*

શ્રી મોદીએ કહ્યું કે નેતાઓએ એના પર પણ ભાર મૂક્યો કે ગ્લોબલ સાઉથના દેશોએ ભવિષ્યની ટેકનોલોજી અને તેમને સંચાલિત કરતા નિયમોના વિકાસમાં સમાન ભાગીદારી રાખવી જોઈએ.

બ્રિક્સના 20 વર્ષ પૂર્ણ થયાની ઉજવણી માટે, સભ્ય દેશોના નેતાઓ દ્વારા આ પ્રસંગે બે સ્મારક ટપાલ ટિકિટો પણ બહાર પાડવામાં આવી હતી.

# REV BRICS FM MEET – 1

અગાઉ, આજે બપોરે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે બ્રિક્સ સમિટ, 2026 શરૂ થઈ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના પ્રારંભિક ભાષણમાં, દર વર્ષે બદલાતા અધ્યક્ષપદ છતાં જૂથની સંસ્થાકીય ગતિ જાળવી રાખવા માટે બ્રિક્સ સાતત્ય અને અમલીકરણ પદ્ધતિનો પ્રસ્તાવ મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ પદ્ધતિ ટ્રોઇકા દ્વારા તમામ પહેલ અને પરિણામોનું અનુસરણ સક્ષમ બનાવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે બ્રિક્સ દેશોએ આગામી 20 વર્ષ માટે એક નવા અને મહત્વાકાંક્ષી એજન્ડા પર કામ કરવું પડશે. પ્રધાનમંત્રીએ મુશ્કેલ સમયમાં સહાયની સુવિધા આપવા માટે સંબંધિત દેશોના દરિયાઇ અધિકારીઓ અને રાજદ્વારી મિશનને જોડવા માટે સીફેરર્સ ઇમરજન્સી સપોર્ટ નેટવર્ક સ્થાપિત કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો.

## [S/B- PM - SEAFARES]

*(“क्या हम सीफेरर्स इमरजेंसी सपोर्ट नेटवर्क बना सकते हैं? इसके माध्यम से संबंधित देशों की मैरिटाइम अथॉरिटीज़ और मिशन्स को जोड़ा जाएगा। इससे डिस्ट्रेस अलर्ट्स, मेडिकल असिस्टेंस, परिवारों को सूचना तथा इवैक्यूएशन में सहयोग दिया जा सकता है।”)*

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, વૈશ્વિક મંચ પર બ્રિક્સ દેશો વચ્ચે એકતા અને સર્વસંમતિને નક્કર પરિણામોમાં રૂપાંતરિત કરવાનો સમય આવી ગયો છે.

# REV BRICS FM MEET - 2

મોદીએ કહ્યું કે બ્રિક્સ દેશો વચ્ચે એકતા અને સર્વસંમતિને વૈશ્વિક મંચ પર નક્કર પરિણામોમાં રૂપાંતરિત કરવાનો આ યોગ્ય સમય છે.

## (BYTE: PM---WORKING-GROUP)

*("अब समय है कि हम ब्रिक्स में हमारी एकता और सहमति को वैश्विक मंच पर ठोस परिणामों में बदलें। अगले 20 वर्षों के लिए हमें एक नए और एम्बीशियस एजेंडा पर काम करना होगा। इसकी शुरुआत हमें अपने खुद के वर्किंग सिस्टम से करनी होगी। ब्रिक्स की अध्यक्षता हर वर्ष बदलती है, किंतु इसकी वजह से हमारा इंस्टीट्यूशनल मोमेंटम नहीं रुकना चाहिए।")*

શ્રી મોદીએ કહ્યું કે અધ્યક્ષ તરીકે સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું ભારતની મુખ્ય પ્રાથમિકતાઓ રહી છે. આ પ્રાથમિકતાઓના માર્ગદર્શન હેઠળ, ભારતે બ્રિક્સ સહયોગને સામાન્ય લોકો સાથે સીધા જોડવા પર ખાસ ભાર મૂક્યો છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે ગ્લોબલ સાઉથ વૈશ્વિક કટોકટીમાં આગળની હરોળમાં છે પરંતુ નિર્ણય લેવાની પાછળની હરોળમાં છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં સુધારાના મુદ્દા પર, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે તેને હવે મુલતવી રાખી શકાય નહીં.

# BRICS SUMMIT IN THE EVE – 1

નવી દિલ્હીમાં 18મું બ્રિક્સ સમિટ શરૂ થયું છે. ભારતની અધ્યક્ષતામાં બે દિવસીય સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત મંડપમ ખાતે વિશ્વ નેતાઓનું સ્વાગત કર્યું. આ પ્રસંગે ભારતનો સાંસ્કૃતિક વારસો પણ મુખ્ય રીતે પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. સ્વાગત સમારોહ માટે પૃષ્ઠભૂમિ તરીકે તમિલનાડુના રામેશ્વરમમાં પ્રખ્યાત રામનાથસ્વામી મંદિરની એક ભવ્ય છબી મૂકવામાં આવી હતી.

બ્રિક્સ સમિટમાં અગિયાર સભ્ય દેશો અને દસ ભાગીદાર દેશોના નેતાઓ ભાગ લઈ રહ્યા છે. સમિટ દરમિયાન વૈશ્વિક શાસન, બહુપક્ષીયતા, વેપાર અને રોકાણ, ટેકનોલોજી, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા, આરોગ્યસંભાળ, આપત્તિ વ્યવસ્થાપન અને મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલાઓ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે. ભારત બ્રિક્સનું અધ્યક્ષપદ ધરાવે છે. આ વર્ષની અધ્યક્ષપદની થીમ છે: સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ.

આ સમિટમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, ઇજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અસી, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને ઈરાનના રાષ્ટ્રપતિ

# BRICS SUMMIT IN THE EVE – 2

મસૂદ પેઝેશ્કિયાન સહિત અનેક અગ્રણી નેતાઓ હાજરી આપી રહ્યા છે. અગિયાર બ્રિક્સ સભ્ય દેશોમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને ઇન્ડોનેશિયાનો સમાવેશ થાય છે. દસ ભાગીદાર દેશોમાં બેલારુસ, બોલિવિયા, કઝાકિસ્તાન, ક્યુબા, મલેશિયા, નાઇજીરીયા, થાઇલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામનો સમાવેશ થાય છે. બે દિવસીય સમિટમાં ગ્લોબલ સાઉથની પ્રાથમિકતાઓ, આર્થિક સહયોગ અને બદલાતા વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરવાની અપેક્ષા છે.

# PRESIDENT OF KAZAKHSTAN ARRIVES

કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ અને યુરેશિયન ઇકોનોમિક યુનિયનના અધ્યક્ષ, કાસિમ-જોમાર્ટ ટોકાયેવ, આજે બપોરે બ્રિક્સ સમિટમાં હાજરી આપવા માટે નવી દિલ્હી પહોંચ્યા. વિમાનીમથક પર તેમનું સ્વાગત શિક્ષણ રાજ્યમંત્રી, સુકાંત મજુમદાર દ્વારા કરવામાં આવ્યું. ભારત અને કઝાકિસ્તાન વચ્ચે મજબૂત સાંસ્કૃતિક અને લોકો-થી-લોકોના સંબંધો પર આધારિત મજબૂત વ્યૂહાત્મક ભાગીદારી છે.

# NEW DELHI DECLARATION

BRICS દેશોએ વિશ્વના ઘણા ભાગોમાં સંઘર્ષો અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં વધતા ધ્રુવીકરણ અને જૂથવાદ પર ચિંતા વ્યક્ત કરી. સમિટના પહેલા દિવસે અપનાવવામાં આવેલા નવી દિલ્હી ઘોષણાપત્રમાં, BRICS નેતાઓએ વૈશ્વિક લશ્કરી ખર્ચમાં સતત વધારા પર પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી. તેમણે ટકાઉ વિકાસ, ભૂખમરો અને ગરીબી નાબૂદી અને આબોહવા પરિવર્તન જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ પર તમામ દેશોના દ્રષ્ટિકોણનો આદર કરતા બહુપક્ષીય અભિગમ અપનાવવાની હાકલ કરી. આ અંગે સાંભળીએ એક અહેવાલ

## (VC: AJAY INDREKAR)

*(BRICS દેશોએ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ પર પણ ઊંડી ચિંતા વ્યક્ત કરી અને પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે તેવા કોઈપણ પગલાને ટાળવા હાકલ કરી. તેમણે યુએન ચાર્ટરના હેતુઓ અને સિદ્ધાંતો અનુસાર નાગરિકો અને નાગરિક માળખાગત સુવિધાઓની સલામતી સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.*

*બ્રિક્સ નેતાઓએ યુએન જનરલ એસેમ્બલી અને યુએન સિક્યુરિટી કાઉન્સિલના સંબંધિત ઠરાવોના અમલીકરણ માટે પણ હાકલ કરી. તેમણે ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ અને માનવતાવાદી સહાયની સંપૂર્ણ અને અવરોધ વિનાની પહોંચ સુનિશ્ચિત કરવા માટે તમામ પક્ષોને વિનંતી કરી. બ્રિક્સ નેતાઓએ પુનરોચ્ચાર કર્યો કે ઇઝરાયલ-પેલેસ્ટાઇન સંઘર્ષનો ઉકેલ ફક્ત વાતચીત દ્વારા જ શક્ય છે.*

*બ્રિક્સ દેશોએ ગયા વર્ષે 22 એપ્રિલના રોજ થયેલા પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી અને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે આતંકવાદીઓની સરહદ પારની હિલચાલ, તેમના ભંડોળ અને સલામત આશ્રયસ્થાનોની જોગવાઈને રોકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.*

*અજય ઈન્દ્રેકર આકશવાણી સમાચાર અમદાવાદ*)

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# ANDHRA PRADESH - HEALTH SECURITY

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે જાહેર આરોગ્યનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. શ્રી નડ્ડાએ આજે આંધ્રપ્રદેશમાં મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ અને રાજ્યના આરોગ્ય મંત્રી સત્ય કુમાર યાદવની હાજરીમાં દસ ક્રિટિકલ કેર બ્લોક અને બાર સંકલિત જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા, તેમણે જણાવ્યું હતું કે આ સુવિધાઓ રાજ્યમાં દર્દીઓને વધુ સારી આરોગ્યસંભાળ પૂરી પાડશે અને સમયસર રોગના જોખમોને શોધવાની ક્ષમતાને મજબૂત બનાવશે.

# REV. DAY HOCKEY

ભારત મહિલા જુનિયર એશિયા કપ હોકીની ફાઇનલમાં પહોંચ્યુ છે. ચીનના મોકીમાં રમાયેલી પહેલી સેમિફાઇનલમાં ભારતે દક્ષિણ કોરિયાને 5-1થી હરાવ્યું. ભારત માટે સુપ્રિયાએ હેટ્રિક ફટકારી, જ્યારે મધુ અને સુખવીર કૌરે એક-એક ગોલ કર્યો.

આવતીકાલે ફાઇનલમાં ભારત દક્ષિણ કોરિયાનો સામનો કરશે.